શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૫૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

સુપર સોલ્ટ (આરોગ્યપ્રદ મીઠું)
સેંધા નમક હોલસેલ ભાવે મળશે
ભોજનમાં શુધ્ધ મીઠાનો ઉપયોગ કરો
શરીર માટે ઉપયોગી સિંધવ મીઠું કઈ રીતે બેસ્ટ છે ?
શ્વસન પ્રક્રિયા માટે પાણીની અછત સામે | ગર્ભાવસ્થા માટે સ્કીનની સાચવણી માટે | માંસપેશીઓ માટે બ્લડપ્રેશર માટે
હોલસેલ ડેપો સુપર સોલ્ટ બેંક ઓફ બરોડા પાસે, પાંડેસરા G.I.D.C. સુરત.
રીટેઈલ કાઉન્ટર ઋષભ ટાવર પાસે,નવયુગ પોસ્ટ ઓફિસની નીચે અડાજણ, સુરત. Call : 98795 06947
દોરીયાવાડ મસ્જિદ પાસે, સલાબતપુરા, સુરત.
વેપારી પૂછપરછ માટે
Call : 91066 97544

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ પાંચમ, બુધવાર ૨ એપ્રિલ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૧૨૫

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

પ્રાન્ત અધિકારીએ ફેક્ટરીના માલિક દિપક ટ્રેડર્સના માલિક દિપક મોહનાણી પર જવાબદારીનો દોષનો ટોપલો નાંખી દીધો છે

ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં ધડાકા આગ લગતાં 21નાં મોત

ફાયર એનઓસી નહીં હોવા છતાં ફેક્ટરી ધમધમતી હતી અને વહિવટીતંત્ર ઊંઘતુ રહ્યું

એક દિવસ પહેલા જ શ્રમિકોને મધ્યપ્રદેશથી લાવવામાં આવ્યા હતાં

ફેક્ટરીના માલિક દિપક મહોનાણી અને ફૂલચંદ મોહનાણી ફરાર

ગાંધીનગર : ઉત્તર ગુજરાતના ડીસામાં ફટાકડા ફેક્ટરીમાં ધડાકા સાથે લાગેલી આગે ચકચાર મચાવી છે. બનાસકાંઠા જિલ્લાના ડીસામાં ફટાકડા ફેક્ટરીમાં ધડાકા બાદ નબળું બાંધકામ તૂટી પડતા 21 નિર્દોષ લોકોનાં મોત થયા છે. કરૂણ તેમજ તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. પોલીસે નાકારાત્મક અભિપ્રાય આપ્યા બાદ આ ફેક્ટરીને સીલ મારી દેવાની જવાબદારી ડીસા પ્રાન્ત અધિકારીની હતી, જો કે ડીસા પ્રાન્ત અધિકારી નેહા પંચાલે પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી નાંખ્યા છે. પ્રાન્ત અધિકારીએ ફેક્ટરીના માલિક દિપક ટ્રેડર્સના માલિક દિપક મોહનાણી પર જવાબદારીનો દોષનો ટોપલો નાંખી દીધો છે. જો કે ફેક્ટરીના માલિક દિપક અને

...અનુસંધાન પાના 5 પર

● ડીસામાં થયેલો વિસ્ફોટ એટલો ભયાનક હતો કે ફેક્ટરી ધ્વસ્ત થઇ ગઇ હતી

SITની રચના કરવામાં આવી

1. સી.એલ.સોલંકી (DySP ડીસા)- તપાસ અધિકારી
2. વી.જી. પ્રજાપતિ (પીઆઇ, ડીસા રુરલ પોલીસ સ્ટેશન)
3. એ.જી. રબારી (પીઆઇ, એસ.ઓ.જી. બનાસકાંઠા)
4. એસ.બી.રાજગોર (PSI, LCB, બનાસકાંઠા)
5. એન.વી. રહેવર (PSI, પેરોલ સ્કવોડ બનાસકાંઠા)

કાયમી ફટાકડાનો પરવાનો ડિસેમ્બરમાં જ પૂર્ણ થઇ ગયો હતો

» પોલીસના નકારાત્મક અભિપ્રાય આપ્યા બાદ આ ફેક્ટરીને પ્રાંત અધિકારીએ સીલ કરી ન હતી
» પ્રાંત અધિકારી નેહા પંચાલે પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી દિપક ટ્રેડર્સના માલિક પર ઢોળ્યો
» ડીસા એસડીપીઓ પણ ફટાકડા પરવાનો રિન્યુ નહીં કરી આપવા અભિપ્રાય આપ્યો હતો
» માલિક દીપકકુમાર મોહનાણીએ પોલીસ સમક્ષ ફાયર એનઓસી તેમજ વિદ્યુત બોર્ડના પ્રમાણપત્ર રજૂ કર્યા ન હતા.
» પરવાનાવાળી જગ્યાનો રજૂ કરાયેલો નકશો જે-તે સ્થળ સાથે સુસંગત જણાઈ આવ્યો ન હતો.
» કાયમી ફટાકડા પરવાનો ડિસેમ્બર મહિનામાં પૂર્ણ થઈ ગયો હતો તો આટલા સમય સુધી ફેક્ટરી કેવી રીતે ધમધમી રહી હતી

પીએમ મોદીએ દુ:ખ વ્યક્ત કર્યુ , મૃતકોને 2 લાખની સહાય

ગાંધીનગર : બનાસકાંઠાના ડીસામાં ફટાકટા બનાવતી ફેક્ટકરીમાં આગના કારણે 21નાં મોતની દુર્ઘટના અંગે પીએમ નરેન્દ્ર મોદીએ આજે દુ:ખની લાગણી વ્યક્ત કરી છે. તેમણે ઈજાગ્રસ્ત જલ્દીથી સ્વસ્થ્ય તી જા તેવી પ્રાર્થના કરી છે. સ્થાનિક વહીવટી તંત્ર સમગ્ર ઘટના મામલે ઈજાગ્રસતનો મદદ કરી રહ્યું છે. પ્રધાનમંત્રી રાહતનિધીમાંથી મૃતકોના પરિવારજનોને 2 લાખની અને ઈજાગ્રસ્તોને 50 જહારની સહાય આપવામાં આવશે, તેવી જાહેરાત કરી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દુ:ખ વ્યક્ત કરી મૃતકોના પરિજનોને 4 લાખની સહાયની જાહેરાત કરી

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા એક્સ ઉપર જણાવ્યું હતું કે, ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગવાના લીધે શ્રમિકોના મૃત્યુની ઘટના હૃદયદ્રાવક છે. દુ:ખની આ ઘડીમાં મારી આત્મીય સંવેદના મૃતકોના સ્વજનોની સાથે છે. આ દુર્ઘટનામાં રાહત બચાવ અને સારવારની કામગીરીને લઈ

...અનુસંધાન પાના 5 પર

● મૃતકોને એક હોલમાં રાખ્યા બાદ પીએમની કાર્યવાહી કરાઇ હતી

વારંવારની દુર્ઘટનાઓ બાદ પણ સરકાર બોધપાઠ લેતી નથી: શક્તિસિંહ ગોહિલ

અમદાવાદ: ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં લાગેલી આગની ઘટના ખૂબ જ દુ:ખદ અને આઘાતજનક છે. રાજ્યમાં વારંવાર બનેલી ઘટનાઓ છતાં સરકારે કોઈ જ બોધપાઠ લીધો નથી. સુરતની તક્ષશિલા અગ્નિકાંડ, રાજકોટની ગેમઝોન જેવી ઘટનાઓ છતાં સરકારે કોઈ ચિંતા કરી નહીં, ભવિષ્યમાં આવી ઘટના ન બને તેની સરકાર ચિંતા કરે તેવી અપેક્ષા રાખું છું, તેવું પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે રાજ્ય સરકારની જવાબદારી હોય છે કે કોઈ નિર્દોષ વ્યક્તિઓના જીવ જોખમાય નહીં, પરંતુ રાજ્ય સરકારે કોઈ ચિંતા કરી નથી. આજે બનેલી ઘટનામાં નિર્દોષ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે. આ જીવ ગુમાવનાર વ્યક્તિઓને શ્રદ્ધા સુમન અર્પણ કરું છું. રાજ્ય સરકારે પણ મૃતકોના પરિવારજનોને ઉદાર હાથે આર્થિક મદદ કરવી જોઈએ, તેમજ ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તેની ચિંતા કરે તેવી અપેક્ષા રાખું છું.

મૃતકોમાં મધ્યપ્રદેશના હરદાસ અને દેવાસના રહેવાસીઓની યાદી

» રાકેશભાઈ સત્યાનારાયણભાઈ નાયક (હંડીયા) » સુરેશભાઈ અમરસિંહ નાયક (હંડીયા) » વિજયભાઈ નાયક,ઉમર-23 (હંડીયા) » વિષ્ણુભાઈ સત્યનારાયણભાઈ નાયક (હંડીયા) » ધનરાજભાઈ સંતોષભાઈ નાયક (હંડીયા) » દલીબેન રાકેશભાઈ નાયક » કિરણબેન રાકેશભાઈ નાયક » લખન ગંગારામભાઈ નાયક (સિદ્ધલપુર) » લખનની માતા અને ગંગારામભાઈની પત્ની » લખનની મોટી બેન, ઉમર-13 વર્ષ » લખનનો ભાઈ » મેહુલભાઈ શંકરભાઈ લુહાર ગુડ્ડીબાઈ અમરસિંહ નાયક

દિપક મોહનાણી નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સટ્ટો રમતા ઝડપાયો હતો

ગાંધીનગર : ડીસા ફટાકડા ફેક્ટરીનો માલિક દીપક મોહનાણી અમદાવાદ પોલીસના હાથે ક્રિકેટ સટ્ટાના એક મોટા કેસમાં માર્ચ-2024માં ઝડપાઈ ચૂક્યો છે. હાલમાં આરોપી દિપક મોહનાણી ભૂગર્ભમાં ઉતરી ગયો છે. મધ્યપ્રદેશથી

...અનુસંધાન પાના 5 પર

દિલ્હી ડાયરી

કેન્દ્રીય વિજ્ઞાન મંત્રી ડો. જીતેન્દ્ર સિંહ જૂની યાદોમાં ખોવાઈ ગયા

કેન્દ્રીય વિજ્ઞાન મંત્રી ડો. જીતેન્દ્ર સિંહ દ્વારા તાજેતરમાં જ યોકસાઇ દવામાં જીનોમિક્સની સંભાવના પર આપેલા ભાષણથી મંત્રી જૂની યાદોમાં ખોવાઈ ગયા. ડો. સિંહ તત્કાલીન મદ્રાસની મેડિકલ કોલેજમાં મેડિકલના વિદ્યાર્થી તરીકેના તેમના સમયને યાદ કર્યો. ડો. સિંહે કહ્યું કે તેમની પાસે પ્રિસ્ક્રિપ્શન લખવાનો વર્ગ હતો, જે જરૂરી હતો. કારણ કે, ફાર્માસિસ્ટને ઉધરસ અથવા ઝાડાનું મિશ્રણ તૈયાર કરવું પડતું હતું. આ હેતુ માટે વિદ્યાર્થીઓ આંખની સમસ્યાઓનો અભ્યાસ કરવા માટે ફંડોસ્કોપી અને રેટિનોસ્કોપીનો ઉપયોગ કરતા હતા. આજકાલથી વિપરીત, જ્યારે મશીનનો ઉપયોગ કરીને સ્ક્રીન પર રેટિના જોઈ શકાય છે. તેમણે કહ્યું કે આ વિકાસને જોવો એક ફિલ્મ જોવા જેવું હતું.

નવી દિલ્હીમાં યુએસ-એમ્બેસેડર ગારસેટ્ટીએ કબીરના દોહાઓ સંભળાવ્યા

નવી દિલ્હીમાં યુએસ-એમ્બેસેડર તરીકેનો કાર્યકાળ પૂર્ણ કર્યા પછી તેઓ તેમના દેશ યુએસએ રવાના થતા પહેલા એરિક ગારસેટ્ટીને એક જાહેર કાર્યક્રમને સંબોધિત કરવાનો મોકો મળ્યો. દિલ્હીના રાજદ્વારી

...અનુસંધાન પાના 5 પર

આજે લોકસભામાં વક્ફ બિલ રજૂ કરાશે, સરકાર અને વિપક્ષ વચ્ચે ભારે ઘમાસાણની વકી

બિલ પર ચર્ચા કરવા 8 કલાકનો સમય નિર્ધારીત કરાયો, વિરોધ પક્ષ વધુ સમયની માગ કરી રહ્યો હતો

લોકસભામાં સરકાર પાસે ભારે બહુમતીને જોતાં બિલ ત્યાં સહેલાઈથી પસાર થશે

ગુરુવારે બિલ રાજ્યસભામાં રજૂ કરાશે

ભાજપ સહિત એનડીએના કેટલાંક પક્ષોએ પોતાના સાંસદોને વ્હીપ જારી કર્યો

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): લોકસભા બુધવારે વિવાદાસ્પદ વક્ફ (સુધારા) બિલને ચર્ચા અને પસાર કરવા માટે હાથ ધરશે, જેના કારણે સરકાર અને વિરોધ પક્ષ વચ્ચે ઘર્ષણ થશે. સરકાર તેને આગળ વધારવા પ્રતિબદ્ધ છે જ્યારે વિપક્ષ એકજુટ થઈને પ્રસ્તાવિત કાયદાને ગેરબંધારણીય તરીકે ટીકા કરી રહ્યો છે. રાજ્યસભામાં આ ખરડો ગુરુવારે રજૂ કરાશે, બંને ગૃહોને પ્રસ્તાવિત કાયદા પર ચર્ચા કરવા 8-8 કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે.

ભાજપ બાદ એનડીએના ચાર સૌથી મોટા પક્ષો ટીડીપી, જેડી (યુ), શિવસેના અને એલજેપી (રામવિલાસ)એ પોતાના સાંસદોને વ્હીપ જારી કરી સરકારનું સમર્થન કરવા કહ્યું છે. ભાજપે પણ પોતાના સાંસદોને ગૃહમાં હાજર રહેવા અને ખરડાને સમર્થન આપવા વ્હીપ જારી કર્યો હતો. ભાજપના અમુક સાથી પક્ષો ખરડામાં વધુ સુધારા માટે દબાણ

...અનુસંધાન પાના 5 પર

બીએસીની બેઠકમાંથી વિપક્ષે વોકઆઉટ કર્યો

સત્તાધીશ અને વિરોધ પક્ષ વચ્ચે ખરડા પર તોફાની દલીલો થશે તેના સંકેત બેઠક દરમિયાન દેખાઈ ગયા હતા જ્યારે કોંગ્રેસ અને કેટલાક અન્ય ઈન્ડિયા બ્લોકના સભ્યો બેઠકમાંથી બહાર જતા રહ્યા હતા, તેમણે સરકાર પર તેમનો અવાજ દબાવવાનો આરોપ લગાવ્યો હતો.

લોકસભા અને રાજ્યસભા બંનેમાં એનડીએનું પલડું ભારે

એનડીએ પાસે લોકસભામાં 293 સાંસદો છે જ્યારે હાલમાં તેમાં કુલ 542 સભ્યો છે. જ્યારે રાજ્યસભામાં આંકડાઓ લગભગ સમાન છે તો છતાં તે ભાજપના નેતૃત્વવાળા એનડીએના પક્ષમાં છે.

ચર્ચ ઓફ ભારત બિલનું સમર્થન કરશે

કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયાની બેઠક બાદ ચર્ચ ઓફ ભારતે મંગળવારે આ ખરડાને સમર્થન આપવાની જાહેરાત કરી હતી જે પ્રસ્તાવિત કાયદાને સરકારના લઘુમતિ વિરોધી એજેન્ડા તરીકે દર્શાવવાના પ્રયાસને નબળું પાડવાના સરકારના પ્રયાસને પ્રોત્સાહન આપે છે.

કોંગ્રેસે પોતાના લોકસભા સાંસદોને વ્હીપ જારી કરી 3 દિવસ હાજર રહેવા કહ્યું

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): સરકાર વક્ફ બિલ લાવે તે પહેલાં કોંગ્રેસે મંગળવારે પોતાના તમામ લોકસભા સાંસદોને વ્હીપ જારી કર્યો હતો જેમાં તેમને આગામી ત્રણ દિવસ સુધી ગૃહમાં હાજર રહેવા કહેવાયું હતું. સરકારે સ્પષ્ટ કર્યું હતું કે તે બુધવારે વક્ફ બિલ ચર્ચા અને પસાર કરવા માટે લોકસભામાં રજૂ કરશે ત્યારબાદ કોંગ્રેસે 3 લાઈનનો વ્હીપ જારી કર્યો હતો. 'બહુ જ મહત્વપૂર્ણ મુદ્દાઓ લોકસભામાં ચર્ચા માટે બુધવારે, ગુરુવારે અને શુક્રવારે લેવામાં આવશે, જે 2, 3 અને 4 એપ્રિલ 2025 છે. લોકસભામાં કોંગ્રેસના તમામ સભ્યોને બુધવારે, ગુરુવારે અને શુક્રવારે સવારે 11 વાગ્યાથી ગૃહની કાર્યવાહી મોકુફ રખાય ત્યાં સુધી ગૃહમાં હાજર રહેવા વિનંતી કરાય છે', એમ લોકસભામાં કોંગ્રેસના પ્રમુખ વ્હીપ કે સુરેશે કહ્યું હતું.

ભારત કૃષિ ઉત્પાદનો પર 100 ટકા ટેરિફ લાદે છે, હવે વળતા ટેરિફ લાદવાનો સમય છે: વ્હાઈટ હાઉસ

આજે ટ્રમ્પ ભારત સહિતના દેશો સામે રેસિપ્રોકલ ટેરિફ ઝીંકી મુક્તિ દિવસ મનાવશે

ઊંચા ટેરિફના કારણે આ દેશોમાં નિકાસ કરવી અશક્ય બન્યું છે: વ્હાઈટ હાઉસ

પ્રમુખ ટ્રમ્પ બુધવારે વળતા ટેરિફની જાહેરાત કરશે

ન્યૂયોર્ક-વોશિંગ્ટન, તા. 1 (પીટીઆઈ): વ્હાઈટ હાઉસે કહ્યું હતું કે ભારત અમેરિકન કૃષિ ઉત્પાદનો પર 100 ટકા ટેરિફ લાદે છે અને અન્ય દેશો દ્વારા વસૂલવામાં આવતા ઊંચી જકાતને કારણે તે દેશોમાં અમેરિકી ઉત્પાદનોની નિકાસ કરવી વર્ચ્યુઅલ રીતે અશક્ય બની જાય છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના સામાન પર ભારત અને અન્ય દેશો દ્વારા વસૂલવામાં આવતા ઊંચા ટેરિફની વારંવાર ટીકા કરી છે. તેમની 2 એપ્રિલથી વળતા ટેરિફ લાદવાની યોજના છે, તેઓ કહે છે કે અમેરિકા માટે તે 'લિબરેશન ડે' હશે. વ્હાઈટ

...અનુસંધાન પાના 5 પર

ચીન ભારત પાસેથી વધુ ઉત્પાદનો ખરીદવા તત્પર

નવી દિલ્હી, તા. 1: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બુધવારે પારસ્પરિક ટેરિફની જાહેરાત થનારી છે, તેનાથી સમગ્ર વિશ્વ હચમચી રહ્યું છે, ત્યારે ચીન ભારત સાથે સંબંધો પુન: સ્થાપિત કરવા ઉપરાંત, વેપારને સંતુલિત કરવા માટે ભારતીય ઉત્પાદનો ખરીદવા માટે તૈયારી દર્શાવી છે.ભારતના વેપાર મંત્રાલયના

...અનુસંધાન પાના 5 પર

ભારત તેના ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરશે: ટ્રમ્પ

ન્યૂયોર્ક-વોશિંગ્ટન, તા. 1 (પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ભારત પોતાના ટેરિફમાં નોંધપાત્ર ઘટાડો કરશે જ્યારે તેઓ 2 એપ્રિલના રોજ દેશો પર ટેરિફ અથવા આયાત ડ્યુટી લાદશે. ટ્રમ્પે 2 એપ્રિલને લિબરેશન ડે તરીકે ગણાવ્યો હતો. ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે 'મને લાગે છે કે ઘણા બધા દેશો તેમના

...અનુસંધાન પાના 5 પર

વળતા ટેરિફના કારણે થયેલા નુકસાનમાંથી બહાર આવવા પર ભારત કામ કરી રહ્યું છે: વેપાર મંત્રાલય

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): વેપાર મંત્રાલય વળતા ટેરિફના સંભવિત પરીણામ પર કામ કરી રહ્યું છે. ભારત અને અમેરિકા દ્વિપક્ષીય વેપાર સમજૂતી પર પણ કામ કરી રહ્યા છે. 'અમેરિકી ટેરિફની અસર સેક્ટર પ્રમાણે અલગ અલગ પડશે, અને મંત્રાલય અલગ અલગ પરીદ્રશ્યો મુજબ તૈયારી કરી રહ્યું છે. 'પારસ્પરિક ટેરિફ લાદવાથી જે કૃષિ ક્ષેત્રો વધુ પ્રભાવિત થઈ શકે છે તેમાં માછલી, માંસ, પ્રોસેસ્ડ સીફૂડ, ઝીંગા, ખાંડ, કોકો, ચોખા, મસાલા, ડેરી ઉત્પાદનો, ખાદ્ય તેલ, વાઇન અને સ્પિરિટનો સમાવેશ થાય છે.', એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું.

ટેરિફ વૉર વચ્ચે જિનપીંગે 'ડ્રેગન-હાથી વચ્ચે મિત્રતા'ની હાકલ કરી

ભારત-ચીન રાજદ્વારી સંબંધોની 75મી વર્ષગાંઠ પર ચીનના વડા પ્રધાન અને ભારતના પીએમ મોદીએ પણ શુભેચ્છા સંદેશની આપ-લે કરી

સ્થિર, અનુમાનિત અને મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો બંને દેશો અને વિશ્વને લાભ કરશે: રાષ્ટ્રપતિ મુર્મુ

બીજિંગ, તા. 1 (પીટીઆઈ): તેમના દ્વિપક્ષીય સંબંધોની 75મી વર્ષગાંઠ પર ચીની પ્રમુખ શી જિંગપીંગે મંગળવારે આપસી સિદ્ધીઓ માટે ભારત અને ચીન વચ્ચે ભાગીદારી પર અને તેમના આધારભૂત હિતો માટે 'ડ્રેગન-હાથી વચ્ચે મિત્રતા'ની જરૂરિયાત પર ભાર આપ્યો હતો.

પ્રમુખ શીના તેમના સમકક્ષ દ્રૌપદી મુર્મુને સંદેશ ઉપરાંત, ચીનના વડા પ્રધાન લી કિયાંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ પ્રસંગ નિમિત્તે અભિનંદનના સંદેશાઓની આપ-લે કરી હતી, એમ ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું હતું.

મુર્મુએ પોતાના સંદેશમાં કહ્યું કે સ્થિર, અનુમાનિત અને મૈત્રીપૂર્ણ દ્વિપક્ષીય સંબંધો બંને દેશો અને વિશ્વને લાભ કરશે, એમ સરકારી સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો હતો. મોદીએ લીને મોકલાવેલા સંદેશમાં કહ્યું હતું, 'ભારત અને ચીન વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત અને સ્થિર વિકાસના તબક્કામાં લઈ જશે. ભારત અને ચીન, બે પ્રાચીન સભ્યતાઓ તરીકે, માનવ ઈતિહાસના માર્ગને આકાર

...અનુસંધાન પાના 5 પર

તા. ૦૧-૦૪-૨૦૨૫નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૮.૦° સે.	૨૪.૨° સે.	૨૨%

રૂપિયા સારૂ થયા પછી
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુકાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે

વિશેષ આયુર્વેદિક પધ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
સંજીવની આયુર્વેદિક
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, કિના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202